**નવી બાબત-૨૦૧૯-૨૦**

પાટણ ખાતેના સમરસ છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું વેતન તથા ભોજન અને અન્ય ખર્ચ માટેની નવી બાબતને મંજુરી આપવા બાબત.

રૂ.૨૯.૧૬ લાખ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૯/નબા-૧૧૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૯/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૫/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ-અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/ ૬૫૯૮-૯૯.

ઠ રા વઃ-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના પત્રથી પાટણ, જિલ્લો-પાટણ ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા એમ કુલ– ૦૨ સમરસ છાત્રાલયોના કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે નિભાવ, વિજળી, સફાઇકામ, ગાર્ડનીંગ અને સંચાલન માટે વર્ષ ૨૦૧૯-૨૦ માટે થનાર કુલ ખર્ચ રૂા. ૩૩૪.૧૭ લાખ પૈકી અનુસૂચિત જાતિના ૧૫ ટકા લેખે રૂા.૫૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે પાટણ, જિલ્લો-પાટણ ખાતે સમરસ કુમાર અને કન્યા છાત્રાલય માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩, (પગાર ધોરણ- ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦) (ફિકસ પગાર રૂ.૩૮૦૯૦/-) ની ૨(બે) જગ્યાઓ તથા જુનિયર કલાર્ક,વર્ગ-૩ (પગાર ધોરણ-૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૧૯૦૦)(ફિકસ પગાર રૂ.૧૯૯૫૦/-)ની ૨(બે) જગ્યાઓ તથા આઉટસોર્સિંગથી ભરવાની થતી પટાવાળાની ૦૨(બે) જગ્યાઓ અને ચોકીદારની ૦૬ જગ્યાઓ મળી કુલ ૧૨(બાર) જગ્યાઓ ઉભી કરવા કર્મચારીના પગારનો ખર્ચ તેમજ ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા એમ કુલ– ૦૨ સમરસ છાત્રાલયોના નિભાવ ખર્ચ માટેની રૂ.૨૯.૧૬ લાખ (સાત માસનો ખર્ચ) (રૂપિયા ઓગણત્રીસ લાખ સોળ હજાર)ની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

